सत्यमेव जयते

**આંક–**

<table>
<tr><td colspan="4">કેસ દાખલ તારીખ</td><td colspan="3">૧૫.૧૧.૨૦૨૫</td></tr>
<tr><td colspan="4">કેસ પ્રાપ્ત તારીખ</td><td colspan="3">૧૫.૧૧.૨૦૨૫</td></tr>
<tr><td colspan="4">કેસ ફેસલ તારીખ</td><td colspan="3">૨૫.૦૩.૨૦૨૬</td></tr>
<tr><td>અવધી</td><td>૦૦</td><td>વર્ષ</td><td>૦૪</td><td>માસ</td><td>૧૦</td><td>દિવસ</td></tr>
</table>

## ધોળકાના મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

ફોજદારી કેસ નંબર – ૫૨૬૮/૨૦૨૫

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**// વિરુદ્ધ //**

**આરોપીઓઃ** (૧) વિરમભાઈ બિજલભાઈ રાવળ

રહે. આંબારેલી, તા. ધોળકા, જી. અમદાવાદ

**બાબતઃ–બી.એન.એસ.ની કલમ– ૨૮૧ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબ**.

================================================================

ફરિયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી **બી. પી. ભાણાવત.**

આરોપી પક્ષ તરફે વિ. વ. શ્રી **એસ.એલ.વાઘેલા**

================================================================

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૫/૯/૨૦૨૨ ના કલાક– ૧૨/૦૦ વાગે આંબારેલી પાસે વટામણ ગામ ખાતે પોતાની સી.એન.જી.રીક્ષા નં.જીજે–૩૮–ડબલ્યુએ–૫૧૭૩ ની જાહેર રસ્તા પર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તથા લોકોની જીંદગી જોખમાય તે રીતે પકડાઇ ગયેલ હોય આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ– ૨૮૧ તથા

એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે જેની ધોરણસરની બજવણી આરોપીને થતાં **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ** આરોપીને ફરીયાદપક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૬ થી આરોપીની ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ પ્લી લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| અનુ.નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૭ | લક્ષ્મણભાઈ નાનજીભાઈની જુબાની | ફરીયાદી |
| (૨) | ૦૯ | દીપકકુમાર આત્મારામભાઈની જુબાની | પંચસાહેદ |
| (૩) | ૧૧ | રામદેવસિંહ ગંભીરસિંહની જુબાની | ત.ક.અ. |
| (૪) | – | નવનીતભાઈ નટવરભાઈની જુબાની | પંચ સાહેદ |

**–:દસ્તાવેજી પુરાવો :–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | અસલ ફરીયાદ |
| (૨) | ૧૦ | પંચનામું |

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાં બાદ આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓએ પોતે નિર્દોષ

હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને બચાવપક્ષે તેમનાં વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત કેસની હકીકત ધ્યાને લેતાં અત્રેની અદાલત સમક્ષ ન્યાયિક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૫/૯/૨૦૨૨ ના કલાક- ૧૨/૦૦ વાગે આંબારેલી પાસે વટામણ ગામ ખાતે પોતાની સી.એન.જી.રીક્ષા નં.જીજે-૩૮-ડબલ્યુએ-૫૧૭૩ ની જાહેર રસ્તા પર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તથા લોકોની જીંદગી જોખમાય તે રીતે પકડાઇ જઈ બી.એન.એસ.ની કલમ-૨૮૧ તથા એમ.વી. એકટ કલમ-૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓનાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

***-:: કા ર ણો ::-***

***મુદ્દા નં. ૧ ની ચર્ચા ::-***

(૭) આ કામે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ આ કામનાં ફરીયાદી લક્ષ્મણભાઈ નાનજીભાઈને આંક-૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૫.૯.૨૫ ના રોજ તેઓ તથા બીજા પોલીસના માણસો સાથે વટામણ ધોળકા હાઈવે રોડ આંબારેલી ગામ નજીક ટ્રાફીકની કામગીરીમાં હતા તે વખતે વટામણ તરફથી એક સી.એન.જી.રીક્ષા ના ડ્રાઈવર

પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા લોકોની જીંદગી જોખમાય ચલાવી આવતા જતા સદરી રીક્ષાના ડ્રાઈવરે હાથનો ઈશારો કરી ઉભી રખાવેલ અને નજીકમાંથી બે પંચોને બોલાવી રીક્ષાના ડ્રાઈવરનું નામ પુછતા વિરમભાઈ બીજલભાઈ રાવલ હોવાનું જણાવેલ અને રીક્ષાનો નં.જીજે–૩૮–ડબલ્યુ.એ–૫૧૭૩ નો હતો. સદર બાબતનું પંચનામું કરેલ. આરોપીને જોયે ઓળખે છે. સદર કામે ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. જે આંક–૦૮ થી રજુ રાખેલ છે.જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ફરીયાદમાં કયા વાહનમાં નીકળેલા તે હકીકત જણાવેલી નથી. તેઓ ધોળકાના રોડ રસ્તાથી વાકેફ છે. આ બનાવનો કોઈ ચોકકસ સમય દર્શાવેલ નથી. કહેવાતું વાહન કેટલી ગતીથી આવતુ હતુ તે ચોકકસ કહી શકે નહી. આ રસ્તા ઉપર સ્પીડોમીટર લગાવેલ ન હતું. આ અન્વયે કોઈ ખાનગી ફરીયાદ દાખલ થયેલી નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૮) આ કામે પંચસાહેદ દીપકકુમાર આત્મારામભાઈ પટેલને આંક–૦૯ થી તથા પંચ સાહેદ નવનીતભાઈ નટવરભાઈનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચસાહેદ આંક–૧૦ ના પંચનામાના પંચસાહેદો છે. પરંતુ તેઓની સરતપાસમાં માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ હોય, તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ તે સિવાય કોઈ જાત માહિતી નથી.

(૯) સદર ગુનાના કામે ફરીયાદપક્ષ દ્વારા ગુનો પુરવાર કરવા માટે હાલના ગુનાની તપાસ કરનાર અમલદાર રામદેવસિંહ ગંભીરસિંહને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓએ તપાસ કરનાર તરીકે કરેલી કાર્યવાહીની હકીકતને

સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપી સામે ચાર્જશીટ કરેલાની હકીકતો જણાવેલ છે. જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં ત.ક.અમલદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર આરોપીના જામીન લીધેલા. આ કામે તેઓએ કોઈ સાહેદોના નિવેદન લીધેલા નથી. તેઓની રૂબરૂમાં પંચનામું થયેલ નથી. સદર કામમાં તેઓએ માત્ર ચાર્જશીટ કેરલ હોય જેથી બનાવવાળી જગ્યાની મુલાકાત લીધેલ ન હોય કહેવાતા વાહનની સ્પીડ કેટલી હોય તે તેઓ કહી શકે નહી. કહેવાતા અકસ્માતમાં જે વાહન હતું તે વાહન કોની માલીકીનું હતું તેના આધાર પુરાવા ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૦) આ કામે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાની જોતાં બી.એન.એસ. કલમ–૨૮૧ જોવી ખુબ જ જરૂરી હોય, જે નીચે મુજબ છે.

**<u>બી.એન.એસ. કલમ – ૨૮૧ જોઈએ તો,</u>**

જો કોઈ વ્યકિત માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી રિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

આ કલમના આવશ્યક તત્વો જોઈએ તો, તે નીચે મુજબ છે.

૧) જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવુ અને સવારી કરવી.

૨) બેફામપણે અથવા બેદરકારીપૂર્વક દારૂ અથવા ડ્રગ્સના નશામાં આવું વાહન ચલાવવુ અથવા આવી સવારી કરવી.

૩) કે, જે કારણે બહુજન સમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વાહનો,રાહદારીઓ અથવા જાહેર મિલકતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય,

આમ, ઉપરોકત વ્યાખ્યાના હાર્દસમાન તમામ તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા માટે સમર્થનકારી પુરાવો આપવો જોઈએ. હાલના કામે મહત્વના કહી શકાય તેવા આંક–૦૯ ના પંચનામાની હકીકતોને પંચસાહેદોએ કોઈ સમર્થન આપેલ નથી. જે અંગે આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલ**નો ચુકાદો કે જે **(૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)** ઉપર પ્રસિધ્ધ થયેલ છે, તે વંચાણે લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદ ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદપક્ષના અન્ય પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યું ગણાય નહીં. જે અન્વયે હાથ ઉપરના કેસમાં પણ પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય, જેથી ફરીયાદપક્ષના અન્ય પુરાવા ઉપર આધાર રાખી આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર થયેલાનું માની શકાય નહીં. વધુમાં, આ કામે ત.ક.અમલદારે ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, સદર કામમાં સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. આમ, બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે લેવામાં આવેલ નથી. તેમજ ત.ક.અમલદારે અકસ્માતમા જે વાહન હતુ તે કોની માલીકીનું હતુ તેના આધાર પુરાવા ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. વધુમાં, ફરીયાદી એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓની ફરીયાદમાં કયા વાહનમાં નીકળેલા તે હકીકત જણાવેલી નથી. તેઓ ધોળકાના રોડ રસ્તાથી વાકેફ છે. આ બનાવનો કોઈ ચોકકસ સમય દર્શાવેલ નથી. કહેવાતું વાહન કેટલી ગતીથી આવતું હતુ તે ચોકકસ કહી શકે નહી. આ રસ્તા ઉપર સ્પીડોમીટર લગાવેલ ન હતું. આ અન્વયે કોઈ ખાનગી ફરીયાદ દાખલ થયેલી નથી. વધુમાં, ફોજદારી નિતી શાસ્ત્રમાં એવું પણ જણાવવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણ

પુરવાર કરવાનો રહે છે અને આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની નથી.આરોપીએ તો માત્ર શંકા દર્શાવવાની રહે છે. જે શંકાનું નિરાકરણ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર ન કરે તો તેનો લાભ ચોકકસ આરોપીને મળવા પાત્ર થાય છે. આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલાનું નહીં માનવાને કોઈ કારણ જણાતું નથી અને તેવી જ રીતે હાલના આરોપીએ બનાવમાં બેદરકારીપુર્વક અને બેફીકરાઈથી ડ્રાઈવીંગ કરેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવા સંજોગોમાં આરોપી સામે આક્ષેપિત કલમોના આવશ્યક તત્વો પરીપૂર્ણ થતા ન હોય, આરોપી પોતાના કબ્જા હવાલાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

વધુમાં, **૧૯૯૬(૩) ક્રાઈમ્સ, પાના નં.૮૫** ઉપર પ્રસિધ્ધ થયેલ **સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન**નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :– “When Judge is certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a only for proposes of formally completing the proposes to provision the conclusion on future date.”

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જે બાબત ધ્યાને લેતાં, આ કામના આરોપીએ તા.૨૫/૯/૨૦૨૨ ના કલાક–૧૨/૦૦ વાગે આંબારેલી પાસે વટામણ ગામ ખાતે પોતાની સી.એન.જી.રીક્ષા નં.જીજે–૩૮–ડબલ્યુએ–૫૧૭૩ ની જાહેર રસ્તા પર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તથા

લોકોની જીંદગી જોખમાય તે રીતે પકડાઇ જઈ બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ હોય તેવું ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો પુરાવો વંચાણે લેતાં, જણાય આવતું નથી. આમ, ઉપરોકત હકીકત જોતાં આરોપી સામેનો આક્ષેપ ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## *// આખરીહુકમ //*

(૧) આ કામે આરોપી વિરમભાઈ બિજલભાઈ રાવળ રહે. આંબારેલી, તા. ધોળકા, જી.અમદાવાદ ને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ– ૨૮૧ મુજબ નાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આથી આરોપીને આદેશ આપવામાં આવે છે કે સી.આર.પી.સી. કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/–જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન હુકમની તારીખથી છ માસ માટેની સમય મર્યાદા માટે રજુ કરવા.

હુકમ આજ તારીખ–૨૫ મી, માહે– માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ– ૨૫ /૦૩/ ૨૦૨૬. (બી.એમ.ગઢીયા)
સ્થળ – ધોળકા. એડીશનલ ચીફ જ્યુડી.મેજી.,ધોળકા
યુનિક કોડ જીજે ૦૧૧૭૬